માલપુર ગ્રામ પંચાયતમાં સભ્યો નામંજૂર કરેલા બજેટ મુદે મક્કમ

વિકાસ કમિશ્નરે માંગેલા ખુલાસામાં વિરોધ દર્શાવ્યો : ગ્રામ પંચાયત ઉપર સુપરસીડની તલવાર લટકી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૭

માલપુર ગ્રામ પંચાયતના ત્રણવાર નામંજૂર થયેલ બજેટના ખુલાસા સંદર્ભમાં વિકાસ કમિશ્નર દ્વારા માંગવામાં આવેલા ખુલાસામાં સભ્યોએ ફરીથી મક્કમ વિરોધ દર્શાવ્યો છે. ખુલાસાના ઠરાવમાં ૭ વિરુદ્ધ ૬ સભ્યોએ ફરીથી બજેટ મંજૂર ન હોવાનું મક્કમ રીતે દર્શાવી વિરોધ કરતાં હલચલ મચી છે. ટૂંકમાં વિકાસ કમિશ્નરે આપેલી ખુલાસાની તકમાં પણ બજેટની તરફેણ ન થઈ શકતાં આખરે ગ્રામ પંચાયત સુપરસીડ થવાના ભણકારા વાગ્યા છે. જિલ્લાની ગ્રામ પંચાયતોમાં વિકાસ ઓછોને સ્થાનિક રાજકારણની ખેંચતાણના કારણે વહીવટને હૂંસાતૂસીની રમત બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી પૂર્ણ થયા પછી સૌએ એક થઈ ગામડાંના વિકાસ ઉપર ધ્યાન આપવાને બદલે ચૂંટાયેલા સરપંચ તેમજ સભ્યોના અંદરોઅંદરના વિગ્રહના કારણે ગ્રામ પંચાયત વિસ્તારોના વિકાસના આડે અવરોધ આવી રહ્યા છે. માલપુર ગ્રામ પંચાયતમાં સરપંચ પદે ભારતીબેન મહેશભાઈ ઉપાધ્યાય ચૂંટાઈ આવ્યા પછી માલપુરના સર્વાંગી વિકાસની આશા રાખવામાં આવી હતી. ચૂંટાયેલા સભ્યો પૈકી કેટલાક સભ્યોએ ગ્રામ પંચાયતના વિકાસ કામો ઉપરાંત અન્ય કામ અંગે નારાજગી દર્શાવી હતી. દરમ્યાન સભ્યોની નારાજગી વધી હોવાના કારણે ગ્રામ પંચાયતનું બજેટ એક પછી એક ત્રણવાર નામંજૂર થયું હતું. બજેટની નામંજૂરીમાં સભ્યોની બહુમતી હોવાથી જિલ્લા ઉપરાંત ગાંધીનગર સુધી તેની ગંભીર નોંધ લેવામાં આવી છે અંગે વિકાસ કમિશ્નર દ્વારા ગ્રામ પંચાયતને એક તક આપી બજેટના સંદર્ભમાં ખુલાસો પૂછવામાં આવ્યો હતો પરંતુ પંચાયતના બહુમત સભ્યોએ તેમાં પણ બજેટ નામંજુર હોવાની વાત મક્કમ રીતે પકડી રાખી જેના કારણે હવે ગ્રામ પંચાયત સુપરસીડ થવાના ભણકારા વાગ્યા છે.

વિકાસ કમિશ્નરે પૂછેલા ખુલાસામાં ઠરાવ બાબતે સભ્યોની સહમતી - તાલુકા વિકાસ અધિકારી

માલપુર તાલુકા વિકાસ અધિકારી મુકેશ ત્રિવેદીએ જણાવ્યું કે માલપુર ગ્રામ પંચાયતમાં બજેટ અગાઉ ત્રણવાર નામંજુર થયું હોવાના કારણે વિકાસ કમિશ્નર દ્વારા એક તક આપી ખુલાસો પૂછવામાં આવ્યો હતો પરંતુ બહુમત સભ્યોએ અગાઉના નામંજુર બજેટની વાતને મક્કમતાથી પકડી રાખી ખુલાસામાં પોતાની અસહમતી દર્શાવ્યાનું જણાવ્યું હતું.

શામલાજી મંદિરમાં વૈશાખી પુનમે ભકતોનું ઘોડાપુર ઉમટ્યું

શામળાજી મંદિરમા બિરાજતા ભગવાન કૃષ્ણના દર્શન કરવાનું અનેરૂ મહત્વ છે, ત્યારે વૈશાખી પૂનમના દિવસે અરવલ્લીની ગીરિમાળાઓમાં બિરાજમાન ભગવાન શામળિયાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટ્યા હતા વહેલી સવારથી જ ભકતો ભગવાન શામળિયાના દર્શન કરવા માટે આવી પહોંચ્યા હતા. હાલ અરવલ્લી જિલ્લામાં સરેરાશ ૪૫ ડિગ્રી ગરમીનો અહેસાસ લોકો કરી રહ્યા છે આ વચ્ચે ભગવાનને પણ ગરમથી રાહત મળે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન શામળિયાના ગરમીને પગલે કોટનના વસ્ત્રોથી સજ્જ કરવામાં આવ્યા છે, અને માથે ચાંદીના મુગટ સાથે વિશેષ શણગાર કરવામાં આવતા શામળિયા શેઠના દર્શન કરીને ભક્તોએ ધન્યતા અનુભવી હતી. શામળાજી ખાતે મોટી સંખ્યામાં ભક્તો વહેલી સવારથી જ દર્શન કરવા માટે આવી પહોંચ્યા હતા અને દર્શન માટે મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

ધાનેરા સીએનજી પંપ પાસે ચાની કીટલી અને બાઈક તોડી રેતી ભરેલું ડમ્પર દુકાન ઘુસ્યું



ડીસા તરફથી રેતી ભરીને આવેલું ડમ્ફર અચાનક ધાનેરાના સીએનજી પંપ સામે આવેલી ચાની કેટલીક તેમજ બાજુમાં પડેલ બાઈક આ બંને તોડી એક દુકાનમાં ઘૂસી જતાં બાઈક માલિક અને ચા ની કીટલી માલિક તેમજ દુકાન માલિકને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,સમગ્ર બાબતને લઈ સદનસીબે જાનહાની ટળતા લોકો તેમજ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો સવારે બનેલી આ ઘટનાથી લોકોમાં ભય ફેલાયો હતો તો બીજી તરફ લોકો ઉપસ્થિત ન હોવાના કારણે કોઈ જ જાનહાની સર્જાઈ ન હતી.

પાલનપુર-ડીસા હાઈવે ઉપરથી પોષડોડા ભરેલી ટ્રક ઝડપાઈ

રાજ્યમાં ડ્રગ્સ પકડાવાના સિલસીલા વચ્ચે પાલનપુર-ડીસા હાઈવે પરથી બનાસકાંઠા એસઓજી પોલીસે એક ટ્રકમાંથી મોટા પ્રમાણમાં પોષડોડા ઝડપી પાડયા હતા. ઝારખંડથી ટ્રકમાં પોષડોડા ભરી ગુજરાતમાં લઈ આવવામાં આવતા હતા. જેને એસઓજી પોલીસે ઝડપી પાડી અંદાજે ૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બનાસકાંઠા જિલ્લામાં ડીસા-પાલનપુર હાઈવે પરથી બનાસકાંઠા એસઓજી પોલીસે ઝારખંડથી પોષડોડા લઈને આવતી ટ્રક ઝડપી પાડી છે. પોલીસને મળેલી બાતમી હકીકતના આધારે ટ્રક શંકાસ્પદ લાગતા હાઈવે ઉપર ટ્રક રોકાવી તપાસ કરતા ટ્રકમાંથી મોટા પ્રમાણમાં પોષડોડા મળી આવતા એસ.ઓ.જી પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે તાત્કાલિક ટ્રક ચાલકને પકડી પાડી પોષડોડા સહીત કુલ ૯૦ લાખનો મુદ્દામાલ હોવાનો એસ.ઓ.જી પોલીસ દ્વારા જાણવા મળ્યું છે. પોલીસે મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના બોભામાં શેષ ખોડિયાર અને મેલડી માતાજીની વર્ષગાંઠ ઉજવાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બોભા માં આજે મેલડી માતાજી અને ખોડીયારમાની વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી જેના ભાગરૂપે યજ્ઞમાં મુખ્ય યજમાન ભુવાજી અમરતભાઈએ ધર્મલાભ લીધો હતો ત્યારે રાત્રે માતાજીની જાતર યોજાશે જેમાં મહાપ્રસાદીનું આયોજન ચરમટા પરિવાર ગફૂલભાઈ વાલજીભાઈ તેમજ રબારી યુવાધનને ભારે જહેમત ઊઠાવી હતી.

પ્રાંતિજ ખાતે વૈશ્ય સુથાર યુવક મંડળ દ્વારા દ્વિતીય સમુહ યજ્ઞો પવિત્ર સંસ્કાર મહોત્સવ ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વકર્મા યુવક મંડળ દ્વારા દ્વિતીય સમુહ યજ્ઞોપવીત સંસ્કાર સમારોહ યોજાયો જેમા ૧૫ બટુકોએ શાસ્ત્રોક્ત વિધીમુજબ જનોઈ ધારણ કરી. પ્રાંતિજ વૈશ્ય સુથાર સમાજના વિશ્વકર્મા યુવક મંડળ દ્વારા પ્રાંતિજ મુકામે સમાજની વાડીમાં યોજાયેલ દ્વિતીય સમુહ યજ્ઞોપવીત સંસ્કાર મહોત્સવમાં ૧૫ જેટલા બટુકોએ યજ્ઞોપવીત સંસ્કાર નો લાભ લીધો હતો કોરોના કાળ બાદ સમાજની નવનિર્મિત વાડીમા પહેલાજ વાર આવા ભવ્ય કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા પ્રાંતિજ, અમદાવાદ, હિંમતનગર મજરા ગામના બટુકોએ સમુહ જનોઈ નો લાભ લીધો હતો જયારે પ્રાંતિજ તથા આજુબાજુમા રહેતા વૈશ્ય સુથાર સમાજ ના ભાઈ બહેનો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો ટ્રસ્ટી મંડળના નરેન્દ્રભાઈ, હરીશભાઈ, રમેશભાઈ, દિનેશભાઈ, જયેશભાઈ સહિત મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ ખાતે રાવલ સમાજ દ્વારા દાતાશ્રીઓ, વિશિષ્ઠ વ્યક્તિઓ, વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

મંદિર અને હોલ દાતા, વિશિષ્ઠ વ્યક્તિઓ, વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ રાવલ સમાજ દ્વારા દાતાશ્રીઓ, વિશિષ્ઠ વ્યક્તિઓ તથા સમાજ ના વિધાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો. પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરની બાજુમા બનાવેલ શિવસદન હોલ ખાતે મંદિરના મુખ્ય દાતા તથા શિવસદન હોલના મુખ્ય દાતા સુનિલભાઈ રવિશંકર રાવલ ને ફુલહાર પહેરાવી શાલ અને સન્માન પત્ર મોમેન્ટો આપી ને સન્માન કરવામા આવ્યુ હતુ જયારે તેમના ધર્મ પત્ની નુ પણ શાલ ઓઢાડીને પતિ-પત્ની બન્નેનુ પ્રાંતિજ રાવલ સમાજ દ્વારા વિશેષ સન્માન કરવામા આવ્યુ હતુ તથા અન્ય દાતા રાવલ ભાસ્કરભાઈ સોમેશ્વરભાઈ તથા તેમના ધર્મપત્ની ગીતાબેન ભાસ્કરભાઈ રાવલ નુ પણ સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે સમાજના વિશિષ્ઠ વ્યક્તિઓ તથા વિશિષ્ઠ પદવીઓ હાંસલ કરેલ વિધાર્થીઓ તથા સમાજ ના તેજસ્વી તારલાઓ નુ પણ સન્માન કરવામા આવ્યુ હતુ તો આ સમારંભ ના અધ્યક્ષ તરીકે મધુભાઈ રાવલ ની વરણી કરવામા આવી હતી જયારે આ પ્રસંગે પ્રાંતિજ ખાતે રહેતા રાવલ સમાજ ના ભાઈબહેન મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા તો ભાનુભાઈ રાવલ , જગદીશ ભાઈ રાવલ , હર્ષદભાઈ ભાઈ રાવલ , તપેન્દ્રભાઈ રાવલ, ગૌતમ ભાઈ રાવલ, કુબેર ભાઈ રાવલ, મહેશભાઈ રાવલ , દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો સમગ્ર કાર્યક્રમ નુ સફર એલાઉન્સ મેન્સ જીતુભાઈ બાબુલાલ રાવલ દ્વારા કરવામા આવ્યુ હતુ જયારે કાર્યક્રમ બાદ રાવલ સમાજ ના ભાઈબહેનોએ સાથે સમુહ ભોજન લીધુ હતુ.

કેનપુરાકંપા પાસે એર વાલ્વ લીકેઝ રહેતાં જૂથ યોજનાનું પાણી ફોગટમાં વેડફાયું

પ્રજા પાણી પાણીના પોકારો પાડે છે તંત્રને કિંમત નથી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૭

ધનસુરા તાલુકાના કેનપુરકંપા પાસે જુથ યોજનાનું પાણી પહોંચાડતી લાઈનનો એરવાલ્વ લીકેઝ રહેતાં હજારો લીટર પાણી ફોગટમાં વેડફાઈ રહ્યું છે. પ્રજા પાણી. પાણીના પોકારો પાડે છે પરંતુ ખુદ તંત્રને જ પાણીની કિંમત સમજાતી ન હોય તેવા આક્ષેપ થઈ રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની કોઈ મુશ્કેલી નથી તેવું તંત્ર ભલે આશ્વાસન આપતું હોય પરંતુ ગામડાઓમાં તો પાણી પાણીના પોકારો શરુ થયા છે. વિકસિત ગણાતા ગામડાઓમાં તો પાણી મુદ્દે પાણીપત સર્જાય તેવા અણસાર છે. ધનસુરા તાલુકાના કેનપુરાકંપા નજીક પાણી પુરવઠા વિભાગની જૂથ યોજનાનું પાણી પહોંચાડવા માટે ગોઠવેલા લાઈનનો એરવાલ્વ લીકેઝ રહી જતાં છેલ્લા કેટલાક દિવસોથી કિંમતી પાણી ફોગટમાં વહી જાય છે. જળ મહાઅભિયાન દરમ્યાન તંત્રએ પાણી બચાવોની કરેલી કામગીરીમાં લીકેઝ વાલ્વ કાગળ ઉપર રીપેર થયા હોય તેવું લાગી રહ્યું છે. સવારથી પાણી શરુ કરવામાં આવતું હોવાથી જુથ યોજનાના ગામોને આપવામાં આવતા પાણીના પુરવઠામાંથી મહત્તમ જથ્થો વાંધાઓમાં વહેતો થઈ રહ્યો છે. પ્રેશર સાથે હજારો લીટર પાણી નકામું જતું હોવાથી તંત્ર સામે પ્રજામાં સ્વાભાવિક રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વર્તમાન સમયમાં પાણીની તંગી ઉભી થઈ છે. પ્રજાની રજૂઆતોને સ્થાનિક કક્ષાએ કોઈ ધ્યાને લેતું નથી તેવા સમયે જૂથ યોજનાનું પાણી નકામુ વહી જતું હોવાથી યોજનામાં સમાવિષ્ટ વિસ્તારો પાણીથી વંચિત રહે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

વન વિભાગ રોગચાળાથી અજાણ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના લીલાછમ વૃક્ષોમાં સફેદ મુંડાનો રોગચાળો વકર્યો, હજારો વૃક્ષો સૂકાઈ ગયા

અટકાયતી પગલાં નહીં ભરાય તો જિલ્લો ઉજ્જડ બની જાય તેવી દહેશત

બાયડ,(બ્યુરો ઓફિસ) તા.૧૭

રાજ્યમાં વન વિભાગ દ્વારા ચોમાસા દરમ્યાન સામાજીક વનીકરણ યોજના હેઠળ વૃક્ષો વાવવાનું અભિયાન હાથ ધરાય છે. દર વર્ષે લાખો વૃક્ષો વાવવામાં આવે છે પરંતુ ઉછેર કેટલાનો થાય છે..?? અને હવે જિલ્લામાં લીલા વૃક્ષોમાં સફેદ મુંડા(ડોળ)નો રોગચાળો વકરતાં ૧૪ તાલુકામાં અસંખ્ય લીલાં વૃક્ષો સૂકા ભઠ્ઠ થઈ ગયાં છે. વન વિભાગ રોગચાળાથી આજે પણ અજાણ છે. જ્યારે સત્વરે રોગચાળા ઉપર અટકાયતી પગલાં નહીં ભરાય તો આગામી એકાદ દાયકામાં જ જિલ્લામાં વનરાજી નામશેષ થઈ ઉજ્જડ બની જાય તેવી દહેશત ઉભી થઈ છે.

સરકાર એક વૃક્ષ ઉછેર પાછળ અંદાજીત ૧૫૦૦ થી વધુનો ખર્ચ કરતી હોય છે. પરંતુ સાબરકાંઠા, અરવલ્લીમાં વન વિભાગની બેદરકારીથી ખુદ વન ખાતાએ ચોમાસા દરમ્યાન ઉછરેલા છોડ નામશેષ થયા છે એ તો ઠીક જિલ્લામાં વડાપ્રધાન, રાજ્યપાલ, મુખ્ય મંત્રી કે સરકારના કોઈ મંત્રી મુલાકાતે આવે અને કાયમી યાદરૂપે વૃક્ષારોપણ કરવામાં આવે તો આવા વૃક્ષ પણ ૨ થી ૩ અઠવાડીયામાં ગાયબ થઈ જાય છે તેના ઉપરથી જ વન વિભાગની કામગીરી કેટલી હદે બેદરકારી ભરી છે તે સમજી શકાય છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં લીલાં વૃક્ષોમાં એકાએક સૂકારાનો રોગચાળો લાગુ પડી રહ્યો છે. શરૂઆતમાં તો કદાચ ઉધઈના કારણે કે પછી ભૂગર્ભ જળસ્ત્રોત ઉંડા ઉતરવાથી લીલાં છમ વૃક્ષો સૂકાતાં હોવાનું માનવામાં આવતું હતું પરંતુ જાણવા મળ્યા મુજબ બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ખેડબ્રહ્મા, પોશીના સહિતના વિસ્તારોમાં જંગલ વિભાગનાં હજારો વૃક્ષો સૂકાઈ જઈ હાડપીંજર બની ગયાં છે. જેમાં કેટલાક વૃક્ષ પ્રેમીઓએ શોધી કાઢ્યું કે વ્હાઈટ ગબ એટલે કે સફેદ મુંડા તરીકે ઓળખાતો ડોળનો રોગચાળો વકરતાં સૌ પ્રથમ આ રોગ ઝાડના મૂળીયામાં પ્રસરે છે અને દિવસો સુધી તેનો કોઈ ઉપાય ન કરવામાં આવે એટલે વૃક્ષ ધીમે ધીમે સૂકાવા લાગે છે. રાજ્યના વન વિભાગે આ વર્ષે ચોમાસા દરમ્યાન સામાજીક વનીકરણ યોજના હેઠળ રોપા ઉછેરના કાર્યક્રમના બદલે લીલી વનરાજીને નષ્ટ થતી બચાવવા માટે સફેદ મુંડાના રોગને કાબુમાં લેવાનું અભિયાન હાથ ધરવું જોઈએ.

રોગ ઉપર નિયંત્રણ કેવી રીતે

બાયડ : જિલ્લામાં લીલાં વૃક્ષો ટપો ટપ સૂકાઈ રહ્યાં છે. ત્યારે કુંભકર્ણની નિંદ્રામાં આળોટતા વન વિભાગને આ અંગે પૂછતાં વૃક્ષો સૂકાઈ રહ્યાં છે તેમજ કયો રોગચાળો પ્રસર્યો છે તે બાબતે કોઈ જાણકારી ન હતી. જ્યારે ફર્ટીલાઈઝર દવાઓના વિતરકનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે લીલાં વૃક્ષો સૂકાઈ જવા પાછળ તેના મૂળમાં સફેદ મૂંડાનો રોગચાળો કારણભૂત છે અને ગુજરાતી ભાષામાં ઝાડના મૂળમાં ડોળ પડ્યા છે તેમ કહેવાય છે અને તેના ઉકેલ માટે નિલાયન ૩૦ ટકા એફ.એસ. દવા ભેજવાળા પટમાં આપવામાં આવે તો આ રોગચાળામાંથી કાયમી મુક્તિ મેળવી શકાય તેમ જણાવ્યું હતું.

મોડાસા રૂરલ પોલીસનો સપાટો : દહેગામ સાણોદાના બે બુટલેગરોને કારમાં વિદેશી દારૂની ખેપ મારતા ઝડપ્યા

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લા પોલિસતંત્ર પ્રોહીબીશનની કામગીરી માટે સતત દોડાદોડી કરી રહી છે બુટલેગરો જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી કાર, બાઈક અને મોપેડ મારફતે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે મોડાસા રૂરલ પોલીસે પુષ્પા સ્ટાઈલ એમ્બ્યુલન્સમાં વિદેશી દારૂ ઘુસાડવાના કાવતરાનો પર્દાફાશ કર્યા પછી મોડાસાના બાકરોલ નજીકથી અલ્ટો કારમાં વીદેશી દારૂની ખેપ મારતા દહેગામ સાણોદા (ઈન્દીરાનગર) ના બે બુટલેગરોને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા પોલીસે કારમાંથી ૪૮ હજારના દારૂ સાથે ૨.૦૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પીએસઆઈ સી.એફ.રાઠોડ અને તેમની ટીમે ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથધરાતા રાજસ્થાનમાંથી અલ્ટો કારમાં બે શખ્સો વિદેશી દારૂ ભરી મહાદેવગ્રામ તરફથી દહેગામ બાજુ જવાના હોવાની બાતમી મળતા તાબડતોડ મહાદેવગ્રામ નજીક વાહનોનું ચેકીંગ હાથધરી બાતમી આધારિત અલ્ટો કાર આવતા અટકાવી કારમાં તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ,ક્વાંટરીયા અને બિયરના ટીન નંગ - ૨૬૪ કીં.રૂ.૪૮ હજારનો દારૂનો જથ્થો જપ્ત કરી કાર ચાલક મુકેશ મંગાજી ઠાકોર અને અલ્પેશ શંભુજી પરમાર (બંને રહે, સાણોદા (ઈન્દીરાનગર), દહેગામ) ને દબોચી લઈ વિદેશી દારૂ, મોબાઈલ અને કાર મળી ૨.૦૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાન બિંછીવાડા નજીક ઠેકો ધરાવતા જીતુભાઈ (ઇજી) નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

ડીસા ધારાસભ્યના જન્મ દિન નિમિત્તે હવન અને મહા આરતી યોજાઈ

ડીસા, તા. ૧૭

ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાનો આજે જન્મદિવસ હોઈ તેમના દ્વારા રામજી મંદિર ખાતે હવન અને મહાઆરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્ય શશીકાંત પંડયા સાથે નગર પાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર ઉપપ્રમુખ સવિતાબેન હરીયાણી સહિત સામાજિક સમિતિના ચેરમેન નયનાબેન સોલંકી, શહેર ભાજપ પ્રમુખ પ્રતિક પઢીયાર,મહામંત્રી હકમાજી જોષી તથા રાકેશભાઈ પટેલ,એસ.સી.મોરચાના મહામંત્રી ભરતભાઈ પરમાર સહિત કારોબારી સમિતિના સભ્યો અને ભાજપના વિવિધ ચૂંટાયેલા પ્રતિનિધિઓ? તથા વિવિધ મોરચાના હોદેદારો- કાર્યકરો સાથે સમર્થકો અને ભારતીય જનતા પાર્ટીના શહેરના તેમજ તાલુકાના વિવિધ હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાના જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના હોદેદારો,કાર્યકર્તાઓ સમર્થકો અને નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ? તથા વિવિધ મોરચાના હોદેદારો કાર્યકરો સહીત સમર્થકોએ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાને જન્મદિનની હાર્દિક શુભકામનાઓ પાઠવી ભેટ સોગાત અર્પણ કરી ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નિમિત્તે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ રામજી મંદિરમા ભગવાન શ્રીરામના સાનિધ્યમાં ભગવાન શ્રીરામની મહાઆરતી કરી હતી તેમજ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યાં હતાં એવું મિડિયા સેલ કન્વીનર કાન્તિલાલ લોધાએ જણાવ્યું હતું.

મોડાસા : નિયાસી રેસિડેન્સીમાં ૨૦મે થી ૨૨ મે, સુધી ત્રિ-દિવસીય પ્રોપર્ટી એક્સપો યોજાશે

ઘરનું ઘર ખરીદવાનો અવસર

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

રીઅલ એસ્ટટ ક્ષેત્રમાં મોડાસા શહેર હરણફાળ ભરી રહ્યું છે ઉત્તર ગુજરાતમાં અત્યાધુનિક રીઅલ એસ્ટટ ક્ષેત્રે મોડાસા શહેરનું નામ ગુંજી રહ્યું છે દરેક વ્યક્તિનું સપનું હોય છે કે બજેટ અને વિસ્તારને અનૂકુળ પોતાનું ઘરનું ઘર હોય. ત્યારે લોકોને સરળતાથી અને બજેટમાં ઘર મળી રહે તે માટે નિયાસી ગ્રુપ દ્વારા મોડાસા શહેરની દેવરાજધામ નજીક નિયાસી રેસીડેન્સીમાં ત્રિ-દિવસીય પ્રોપર્ટી એક્સપો યોજાશે જેમાં એક જ સ્થળે શહેરના નામાંકિત બિલ્ડરર્સની વિવિધ રેસીડેન્સીયલ અને કોમર્શિયલ સ્કીમ જાણકારી મળશે ત્રિ-દિવસીય એક્સપોમાં બાળકો ફન ફેરની મજા માણી શકશે તેમજ ત્રણ દિવસ રાત્રીએ મ્યુઝિકલ નાઈટ્સ સાથે રશિયન ડાન્સ અને જુનિયર ફિલ્મી કલાકારો પણ રંગ જમાવશે આ એક્સપોમાં બિલ્ડર્સ એસોસિએશને તેમની સ્કીમમાં લોકોનું બજેટ ખોરવાય નહીં તેવા ઉમદા હેતુથી ભાવ વધારો મુલત્વી રાખી જુના ભાવ મુજબ ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ કરી શકે છે . મોડાસા શહેરમાં યોજાનારા ત્રિ-દિવસીય પ્રોપર્ટી એક્સપો-૨૦૨૨ અંગે ક્રેડાઈ પ્રમુખ કમલેશ ભાઈ પટેલે જણાવ્યું હતું કે જીવનમાં દરેક વ્યક્તિનું સ્વપ્ન હોય છે કે પોતાના બજેટ અને ગમતા વિસ્તારમાં પોતાના સપનાનું એક ઘર અને ધંધાનું સ્થળ હોય ત્યારે લોકોની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખી શહેરની નિયાસી રેસિડેન્સીમાં ત્રિ-દિવસીય પ્રોપર્ટી એક્સપો યોજવામાં આવ્યો છે જેમાં શહેરના નામાંકિત બિલ્ડર્સની વિવિધ રેસીડેન્સીયલ અને કોમર્શિયલ સ્કીમના વિકલ્પ એક જ સ્થળે મળી રહે તેવા ઉમદા હેતુ આ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે . આ એક્સપોની મુલાકાત લેનાર લોકો માટે ચા-નાસ્તાનું આયોજન તેમજ તેમના બાળકો ફન ફેરમાં વિવિધ રાઈડની મજા પણ લઈ શકે છે તેમજ શહેરની સાંસ્કૃતિક પ્રેમી જનતા માટે ત્રણ દિવસ રાત્રે મ્યુઝિકલ પાર્ટી અને રશિયન ડાન્સ નો લ્હાવો માણી શકે તેમજ ફિલ્મી દુનિયાના જુનિયર કલાકારો પણ શહેરીજનોનું મનોરંજન કરી શકે તેવું આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રોપર્ટી એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે છેલ્લા દિવસે સાંજે મન ગમતા ફનફુડની લિજ્જત શહેરીજનો માટે ઉપલબ્ધ છે.